# સુખ-દુઃખનું કારણ

સ્વામી શંકરયોગીના આશ્રમમાં દર્શન-સત્સંગ માટેની સભામાં લોકો બેઠાં હતાં. સ્વામીએ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજ્યો હતો. તેમણે જણાવ્યું કે સૌ જિજ્ઞાસુઓ અધ્યાત્મલક્ષી પ્રશ્નો પૂછે. સાંસારિક-ભૌતિક પ્રશ્નો માટે હું અલગ સમય ફાળવું છું ત્યારે જ રજૂઆત કરી શકશે. હું તે સમયે જ આપ સર્વને માર્ગદર્શન આપીશ.

એક યુવાને પૂછ્યું: ''ગુરુદેવ, અસત્યને માર્ગે ચાલનાર, લોકોનું બૂરું કરનાર, છળકપટ કરનાર ખૂબ જ સુખી અને આનંદથી જીવન પસાર કરે છે જ્યારે ઈશ્વરની ઉપાસના કરનાર, સત્યને માર્ગે ચાલનાર માણસનું જીવન અભાવો, ઉપાધિઓથી, વિષમતાઓથી સભર કેમ હોય છે? આવી પરિસ્થિતિ જોઈને ખૂબ જ વિમાસણ થાય છે કે આવું કેમ? અમને માર્ગદર્શન આપવા વિનંતી છે.''

સ્વામીએ પળભર આંખો બંધ કરી. થોડીક ક્ષણો મૌન રહ્યા અને પછી જણાવ્યું: ''ભાઈ, અસત્ કર્મો કરનાર સુખ, શાંતિ, આનંદથી જીવે શું છે તેની આપણને ખબર નથી. શક્ય અને સંભવ છે કે ઈશ્વર આપણને કોઈ આથીયે બહુ મોટી સફળતા, સિદ્ધિ આપનાર હોય. જીવનમાં સંઘર્ષોથી તે આપણને મનથી મજબૂત બનાવતો હોય. આપણને કોઈ અનોખું જીવનદર્શન કરાવતો હોય, જે આપણને આપણા જીવનપથ પર ઘણું જ ઉપકારક બનવાનું હોય. જીવનમાં સંઘર્ષ જ માનવીને સફળ બનાવે છે. આથી એટલું યાદ રાખવું કે ઈશ્વરને શરણે જનાર, સત્યના માર્ગે ચાલનાર, લોક કલ્યાણનું કામ કરનારને ઈશ્વર હંમેશા મદદ કરે જ છે. આથી ગમે તેવી પરિસ્થિતિમાં ઈશ્વરની શરણાગતિ છોડવી નહીં અને મારે માટે કંઈક આથી વધારે સારું જ થશે એવી આશા દઢ વિશ્વાસ ગુમાવવા નહીં. તત્ક્ષણ તમારી વિષમતા ભલે દૂર નહીં થાય પણ અંદરથી શાંતિ અને એક અનોખા બળનો અનુભવ તો થશે જ.

હવે રહી વાત અસત્ કર્મ કરનારના સુખ, શાંતિ, આનંદની. ભાઈઓ અને બહેનો, અસત્ કર્મો કરનારનાં સુખ, શાંતિ, આનંદ ક્ષણિક નીવડે



**આથી ગમે તેવી, પરિસ્થિતિમાં ઈશ્વરની શરણાગતિ છોડવી નહીં અને મારે માટે કંઈક આથી વધારે સારું જ થશે એવી આશા દઢ વિશ્વાસ ગુમાવવાં નહીં. તત્ક્ષણ તમારી વિષમતા ભલે દૂર નહીં થાય પણ અંદરથી શાંતિ અને એક અનોખા બળનો અનુભવ તો થશે જ**

છે. કારણકે તેનાં પૂર્વ ભવનાં સત્ કર્મો તેની સાથે ચાલી રહ્યાં છે. એ કર્મોના પ્રભાવે અને પ્રતાપે તેનાં અસત કર્મો તેનું કંઈ બગાડી શકતાં નથી. જ્યારે સત્કર્મો કરનાર, ઈશ્વરની નિરંતર ઉપાસના કરનારનાં અસત્ કર્મોનો પ્રભાવ તેના જીવન પર પથરાયેલો હોવાથી તે દુઃખી થાય છે.

ભાઈઓ અને બહેનો, સત્કર્મી મનુષ્ય ભલે વર્તમાનમાં દુઃખી થતો હોય, જીવનમાં વિષમતાનાં વાદળો ઘેરાયેલાં રહેતાં હોય છતાં જીવનની આવી પળોમાં, તમે નિરીક્ષણ કરજો કે તેને વિપત્તિઓમાંથી બહાર નીકળવાનો માર્ગ તો મળતો જ રહે છે. ઈશ્વરની કૃપા, તેની શક્તિ, તેના જીવન પર છૂપી રીતે પથરાયેલી રહે છે. આ આંતર અનુભવની હકીકત છે. આથી સત્યને માર્ગે ચાલનાર, લોકકલ્યાણનું કામ કરનાર, વર્તમાન સમયમાં ભલે દુઃખી થતો હોય પણ તેની ઉપાસના, સેવા, તેનું સત્કર્મ બની આવનારા સમયમાં તેને સુખ, શાંતિ, આનંદ અને સમૃદ્ધિ આપનાર બની રહે છે.


**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

બીજી વાત એવી છે કે જીવનમાં આપણને નિષ્ફળતા, નિરાશા મળતી હોય, સતત સંઘર્ષ અને વિષમતાનો જ અનુભવ થતો હોય ત્યારે સમસ્ત અસ્તિત્વના બળથી ઈશ્વરનો પાલવ પકડી રાખવાનો. કારણ કે ઈશ્વરની મરજી છે. પણ અસત્ કર્મોનું ફળ તેણે તેના જીવનમાં ભોગવવું તો પડે જ છે એમાં કોઈ શંકા નથી. જ્યારે તેના અસત્ કર્મોનું ફળ મળે છે ત્યારે તેના સુખ, શાંતિ, આનંદ પળભરમાં અદશ્ય થઈ જાય છે. તે એવી વિષમતાનો અનુભવ કરે છે કે તે ક્યારેય જીવનમાં ઊભો થઈ શકતો નથી. નિષ્ફળતાનું વાવાઝોડું જીવનમાં એવું ફૂંકાય છે કે સત્કર્મની કમાણી પણ પળભરમાં નષ્ટ થઈ જાય છે. આપણે વ્યવહારમાં કહીએ છીએ કે ઈશ્વરની લાકડીનો અવાજ નથી હોતો તેમ એની સહાયનો પણ અવાજ નથી હોતો. ઈશ્વર કહેતો નથી કે લે, આ તને હું સહાય કરું છું. એની સહાયની અનુભૂતિ આપણે જ કરવાની છે. નિષ્ફળતા-વિષમતાનો અનુભવ થાય ત્યારે તેની સમક્ષ મસ્તક નમાવી બે હાથ જોડી આપણા કોઈ પણ અસત્ કર્મો માટે ક્ષમા માગવી. સમયનું દર્પણ આપણને સત્ અસત્ કર્મોનું પ્રતિબિંબ બતાવી જ દે છે. આથી જિંદગીના ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ઈશ્વરની શરણાગતિ-સ્મરણ છોડવાં નહીં અને કદી પણ અસત્ કર્મો, છળકપટનો આશ્રય લેવો નહીં. જિંદગીના અભાવો સ્વીકારી લેવા. ઈશ્વર તમારા જીવનને કેવું ભર્યુંભર્યું બનાવશે તેનો અનુભવ કરજો.

સ્વામીની વાતો સાંભળી સૌ ગદ્ગદિત થઈ ગયાં.

# સમાનતા, સત્ય, સેવાના બોધક ગુરુ નાનકદેવ

'ઓંકાર, સતનામ, કર્તો, પુરખ, નિરભઉ નિરવૈર, અકાલ મૂરત, અજુની સ્વેભં, ગુરુ પરસાદ.... 'શ્રી ગુરુગ્રંથ સાહેબ'ની વાણીનો પ્રારંભ જ ઓમકાર મૂળ મંત્રથી થાય છે. સિખ ધર્મના સ્થાપક, પ્રથમ ગુરુ નાનકદેવજી રચિત આ પ્રાર્થના પરમાત્માની ઓળખ દર્શાવે છે. જેની સહુ અલગ અલગ રૂપમાં પૂજા કરે છે. આ પ્રાર્થના નો ટૂંકમાં ભાવાર્થ એ છે કે,'ઈશ્વર એક છે. તેનું નામ જ સત્ય છે. તે સર્વ કોઈનો સર્જનહાર-કર્તા છે. તે કાળ રહિત, નિરાકાર છે. તે નિર્ભય છે. કોઈ સાથે તેને વેરભાવ નથી. તે જન્મ-મૃત્યુથી પર છે અને સ્વયં પ્રગટ થયેલ છે. ગુરુની કૃપાથી જ તેને જાણી શકાય.' એ સત્ય છે કે તે આદિ મા સત્ય હતો. યુગો- યુગોમાં પણ સત્ય છે. વર્તમાનમાં પણ સત્ય છે. નાનક કહે છે ભવિષ્યમાં પણ તે સત્ય જ રહેશે.



હિંદુ પંચાંગ અનુસાર સિખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનકદેવજી નો જન્મોત્સવ પ્રકાશપર્વ- ગુરુપર્વ તરીકે કારતક પૂનમે ઉજવાય છે. દેશ અને દુનિયામાં આવેલા ગુરુદ્વારાઓમાં શબદ, કીર્તન, ગુરુબાની, અરદાસ, લંગર (ભંડારો), પ્રભાતફેરી શ્રી ગુરુગ્રંથ સાહેબનું પારાયણ જેવા કાર્યક્રમો યોજાશે. સિખોના દસ ગુરુ થયા આ દસ ગુરુઓએ જે નૂતન ધાર્મિક પંથ ચલાવ્યો તે સિખમત, ગુરુમત કે ખાલસા પંથના નામે ઓળખાય છે. સિખમતના આચાર્ય અજ્ઞાન અને અંધકારના વિનાશક, સૂર્ય સ્વરૂપ નાનકદેવ અને તે પછીની ગુરુ પરંપરા મળી કુલ દસ ગુરુઓએ તેમની બુદ્ધિ અને અનુભવના બોધપાઠ શીખવ્યા. જેનાથી માનવીને એવું ચારિત્ર બળ મળ્યું અને એવી શક્તિ કેળવી કે જીવન દરેક પ્રકારના પડકારોનો મુકાબલો કરવા સમર્થ બને. નાનકદેવજી સહિતના ગુરુઓએ મંત્રો વગેરે કરતા ચારિત્ર બળને જ સર્વસ્વ સમજ્યું કેમકે ચારિત્ર બળ જ મુશ્કેલ સમયમાં કામ આવે છે. ભલાઈ-બુરાઈ, પાપ- પુણ્યની સમસ્યાઓને ઉકેલવાના સંજોગોમાં ચારિત્ર બળ નો આશ્રય લેવામાં આવે. જીવનમાં અનેકવાર એવા પ્રસંગો ઉદભવે જ્યારે આપણે તરત જ આપણા કાર્ય ના અગ્રેસર થવું પડે. ક્યારેક તો વિચારવાનો સમય પણ નથી હોતો પાપ સામે આવે કે તરત જ તેને પડકારી પરાસ્ત કરવું પડે. પુણ્ય કરવાનો અવસર

**સિખોના દસ ગુરુ થયા આ દસ ગુરુઓએ જે નૂતન ધાર્મિક પંથ ચલાવ્યો તે સિખમત, ગુરુમત કે ખાલસા પંથના નામે ઓળખાય છે. સિખમતના આચાર્ય અજ્ઞાન અને અંધકારના વિનાશક, સૂર્ય સ્વરૂપ નાનકદેવ અને તે પછીની ગુરુ પરંપરા મળી કુલ દસ ગુરુઓએ તેમની બુદ્ધિ અને અનુભવના બોધપાઠ શીખવ્યા**

મળે તો તરત જ તન, મન, ધન થી સમર્પિત થઈ જવું. માનવીમાં જેટલું સુદ્રઢ ચારિત્ર બળ હોય એટલી તેને સફળતા મળે છે. સદગુરુ પૂજ્ય શ્રી અવધૂતજી પણ કહેતા કે, 'આપ સૌ પોતપોતાનું ચારિત્યનું પાસું ઊંચું અને પવિત્ર રાખજો જેથી વિશ્વસ્વધર્મ સૂર્યના પ્રકાશથી જીવનનો અંધકાર નાશ પામશે અને પરોપકાર, વિનય, સેવા, વિવેક, સત્સંગ,ભક્તિ, યશ, બળ, દીર્ઘાયુષ્ય, સુખ,સંપત્તિ, માનવતાના સદગુણો પ્રાપ્ત થશે. પંજાબમાં હાલના નાનકાના સાહેબ નામથી જાણીતા ગામે નાનકદેવ નો જન્મ બેદી કાલુરામ પટવારીને ત્યાં માતા તૃપ્તાજી ની કુખે થયો હતો. બાળપણથી જ શાંત અને એકાંતપ્રિય હતા. બાળપણની રમતો રમવામાં પણ બાળકોને પદ્માસન લગાવી 'સત્ય કર્તાર', 'સત્ય કર્તોર' મનમાં ને મનમાં બોલવાનું શીખવતા. પિતાજીએ નાનક ને ગોપાલ પંડિત પાસે હિન્દી શીખવા મોકલ્યા. તે પછી વ્રજલાલ પંડિતજી પાસે સંસ્કૃત વિદ્યા શીખવા મોકલ્યા, તે પછી મૌલવી કુતબુદીન સાહેબ પાસે ફારસી ભાષા ભણવા મોકલ્યા પરંતુ એ ત્રણેય ગુરુઓને નાનકજીએ પોતાના આત્મિક બળ થકી પોતાના શિષ્ય બનાવી દીધા અને સમજાવ્યું કે વિદ્યાનું તત્વ જાણ્યા વગર ભણેલો ગણેલો માણસ પણ મૂર્ખ છે. તેમના જીવનની અનેક ઘટનાઓ, લીલાઓ જાણીતી છે. પોતાના ઉત્તમ ચારિત્ર બળથી અનેક વિધર્મી શાસકોને પણ ઝુકાવ્યા. જો કે તેઓ ન્યાત, જાત, ધર્મ જાતિના ભેદભાવ વગર સમાનતા અને સેવાના દ્રઢ સમર્થક, પ્રચારક હતા.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

સુલક્ષણી દેવી સાથે ગૃહસ્થ ધર્મમાં પ્રવેશેલા નાનકદેવને બાબા શ્રીચંદ અને બાબા લક્ષ્મીદાસ તથા બહેન નાનકીજી હતા. બહેન નાનકીજી પોતાના ભાઈ નાનકને સાક્ષાત ઈશ્વર સમાન ગણતી હતી. નાનકદેવજીને પોતાના પુત્રો હોવાના નાતે બંનેમાંથી એકેય પુત્રને પોતાના ઉત્તરાધિકારી નહીં બનાવ્યા પરંતુ પાત્રતા ધરાવતા યોગ્ય (શિષ્ય) વ્યક્તિ શ્રી અંગદ દેવને આચાર્ય પદની ગાદી સોંપી. તેમના એક પુત્ર શ્રી ચંદ સમય જતા ઉદાસીન સંપ્રદાયના પ્રવર્તક બન્યા

પોતાના અંતઃ પ્રકાશથી જગતના અંધકારનો વિનાશ કરવાનું જરૂરી સમજતા નાનકદેવને લાગ્યું કે ઘેર રહીને ઉપદેશ આપ્યા કરવાથી દુનિયામાં પૂર્ણ ઉપકાર નહીં કરી શકાય એટલે દ્વેષ, ઈર્ષા, વેર,વિરોધ વગેરેની પ્રચંડ આગથી બળતી દુનિયાને ઈશ્વરી અમૃત નામની વર્ષા દ્વારા શાંતિ પ્રદાન કરવા સંવત 1554 થી દેશમાં ભ્રમણ કરવાનું શરૂ કર્યું. નાનકદેવજીની ચાર યાત્રાઓ જાણીતી છે. પહેલી યાત્રામાં નાનક દેવ જે ગુરુ નામથી ઓળખાવા લાગ્યા હતા તેમણે એમના બાદ માં ત્યાંના વણકર ભાઈ લાલો ને ઘેર રહી છૂત અછૂત નો ભ્રમ દૂર કર્યો. તે પછી હરિદ્વાર, દિલ્હી, કાશી, ગયા વગેરે સ્થળોએ 'સચ્ચે ધર્મ'નો પ્રચાર કરતા જગન્નાથપુરી પહોંચી 'કર્તોર'ની સાચી આરતીનો ઉપદેશ આપ્યો.

બીજી યાત્રા નાનકદેવે દક્ષિણ દિશામાં કરી આબુ, સેતુબંધ. રામેશ્વર, સિંહલદ્વિપ (શ્રીલંકા) વગેરે સ્થળોએ 'કર્તોર'ની ભક્તિનો પ્રચાર કર્યો. ત્રીજી યાત્રામાં તેમણે ગઢવાલ, હેમકુંડ,ગોરખપુર, સિક્કિમ, ભૂતાન,તિબેટ વગેરે સ્થળોએ 'વાહિ ગુરુ' પરમાત્માની અનન્ય ઉપાસના દ્રઢ કરાવી. ચોથી યાત્રા પશ્ચિમ દિશા તરફ કરી બલુચિસ્તાન થઈને મક્કા પહોંચ્યા બગદાદ, ઈરાન વગેરેનો પ્રવાસ કરતા કંધહાર, કાબુલ વગેરે સ્થાનોએ 'સત્ય નામ'નો સદ્દુપદેશ આપ્યો. આ યાત્રામાં ઈશ્વર સર્વવ્યાપી હોવાની પ્રતીતિ કરાવી. 25 વર્ષ સુધી ભ્રમણ કર્યા બાદ ગુરુ નાનક દેવ કરતાર પરત ફરી ત્યાં રહેવા લાગ્યા. ભક્તિરસના સદાવ્રત સાથે અન્ન ભોજન લંગર (ભંડારો) પણ શરૂ કર્યો. સંવત 1596 માં 70 વર્ષ ની ઉંમરે શ્રી ગુરુ નાનકદેવે પરલોકગમન કર્યું. તે પૂર્વે પોતાના યોગ્ય શિષ્ય અંગદ દેવને ઉત્તરાધિકારી પદ સોંપ્યું. ગુરુ નાનકદેવજી દ્વારા રચિત તમામ વાણી પંચમ ગુરુ શ્રી અર્જુન દેવજી થકી . તેને વાંચવાથી ખ્યાલ આવે કે શ્રી ગુરુ નાનક દેવજી હિંદુ, મુસલમાન, જૈન ,બૌદ્ધ, ઈસાઈ વગેરે તમામ સંતોના કેન્દ્રીય સ્થાનો પર પહોંચ્યા હતા અને પોતાના ઈશ્વરીય જ્ઞાનથી તેમને સીધો માર્ગ ચીંધ્યો. 'જપુજી', 'પટ્ટી', 'આરતી' 'દક્ષિણીય ઓમકાર', 'સિધ્ધ ગોષ્ઠિ' વગેરે તેમની પ્રસિદ્ધ વાણીઓ છે. ઈદં ન મમ".